છોટાઉદેપુર જિલ્લાની ક્વાંટ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં બિનસરકારી સભ્યોની નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીડીસી/૧૦૨૦૧૬/૨૭૪/પ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૨/૦૨/૨૦૧૭

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: એનજીપી-૯૯૧૦-૪૪૫-૧૩૯-પ.

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસના તા.૨૧/03/૨૦૧૬નો પત્ર ક્રમાંક:અવક/અજન/૧/ફા.નં.૧૪૪/ ૨૦૧૩/ ૨૮૨.

**ઠરાવ:**

આમુખ ક્રમાંક: (૧) આગળ દર્શાવેલ તા.૦૮/૦૫/૨૦૧૨ના સરકારી ઠરાવથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના બિન સરકારી સભ્યોની નિમણૂંક ચાર વર્ષ પુરા થાય અથવા સરકાર ઈચ્છે ત્યાં સુધી, બે માંથી જે વહેલુ હોય તે મુજબ નિમણૂંક કરવાની જોગવાઈ છે. છોટાઉદેપુર જિલ્લાની ક્વાંટ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં બિનસરકારી સભ્યો તરીકે આદિવાસી ઉત્કર્ષ માટે સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ અને આદિજતિ મહિલા આગેવાનોની નિમણૂંકની બાબત આમુખ ક્રમાંક: (૨) આગળ દર્શાવેલ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અંગે પુખ્ત વિચારણાને અંતે, છોટાઉદેપુર જિલ્લાની ક્વાંટ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં બિનસરકારી સભ્યોની નીચે મુજબ નિમણુંક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | બિન સરકારી સભ્યની કેટેગરી | નિમણૂંક કરેલ સભ્ય |
|---|---|---|
| ૧ | તાલુકાના મહિલા અગ્રણી | શ્રીમતી સમતીબેન વજેસિંહ રાઠવા<br>મુ.પો. ક્વાંટ, તા. ક્વાંટ, જિ. છોટાઉદેપુર. |
| ૨ | તાલુકાના મહિલા અગ્રણી | શ્રીમતી ભાવનાબેન જયેશભાઈ રાઠવા<br>મુ.પો. મોટાવાટા, તા. ક્વાંટ, જિ. છોટાઉદેપુર. |
| 3 | સ્વૈચ્છિક સંસ્થાના સભ્ય | શ્રી ચંદ્રકાંત રેવાશંકર સેવક<br>મુ.પો. રંગપુર, તા. ક્વાંટ, જિ. છોટાઉદેપુર. |

(કૃ.પા.ઉ.)

૨. પ્રસ્તુત સમિતિએ આમુખ ક્રમાંક: (૧) આગળ દર્શાવેલ તા.૦૮/૦૫/૨૦૧૨ ના સરકારી ઠરાવથી નિયત કરવામાં આવેલ કામગીરી કરવાની રહેશે. અને આ સમિતિની બેઠકમાં હાજર રહેનાર બિન સરકારી સભ્યોને સરકારશ્રીના વખતોવખતના હુકમો અનુસાર મળવાપાત્ર થતાં ભથ્થાં પ્રાયોજના વહીવટદારશ્રીને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી ચુકવવાના રહેશે.

૩. આ બિન-સરકારી સભ્યોના હોદ્દાની મુદ્દત, આ ઠરાવની તારીખથી ચાર વર્ષ માટે અથવા સરકાર ઇચ્છે ત્યાં સુધી, બે માંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે રહેશે.

૪. આ હુકમો સરકારશ્રીની તા.૨૨/૧૨/૨૦૧૬ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી. બી. બરંડા)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ.
(૨) માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. મંત્રી(આદિજાતિ વિકાસ)/માન. રા.ક. મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ)નાં અંગત મદદનીશ.
(૪) માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત રાજ્ય, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૬) અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) અગ્ર સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સંયુક્ત સચિવશ્રી, (મહેકમ)/ નાયબ સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) કલેક્ટરશ્રી, છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર/જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર.
(૧૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.
(૧૨) નાયબ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

(૧૩) પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર.

(૧૪) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૧૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.

(૧૬) ક્વાંટ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ, (પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર મારફત)

(૧૭) સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ ઉપર મુકવાની વિનંતીસહ.

(૧૮) તિજોરી અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર.

(૧૯) સિલેક્ટ ફાઈલ.